ફાં.ફોલ.

3

પ્રાંત કચેરી કક્ષાએ નિયામક, સમાજ સુરક્ષા ખાતાની જુનિયર ક્લાર્ક/ડેટાએન્ટ્રી ઓપરેટરની ૫૬ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે રૂ.૬૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૮/૨૨૮૧૮/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૦૫/૦૪/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૮/૦૩/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૨૮૧

પ્રસ્તાવના:-

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુક નં. ૨૪-૧, પાના નં- ૧૩૧ ઉપર પ્રાંત કચેરી કક્ષાએ નિયામક, સમાજ સુરક્ષા ખાતાની જુનિયર ક્લાર્ક ક્લાર્ક/ડેટાએન્ટ્રી ઓપરેટરની ૫૬ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કુલ અંદાજીત રકમ રૂ.૬૦.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી પ્રાંત કચેરીઓ ખાતે જુનિયર ક્લાર્ક/ડેટાએન્ટ્રી ઓપરેટરની ૫૬ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે રૂ.૬૦.૦૦ લાખનો ખર્ચ કરવા અંગે વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ની બજેટ બુકમાં નં. ૨૪-૧, પાના નં- ૧૩૧ ઉપર સદરહુ બાબતે ખર્ચ

કરવાની નવી બાબત તરીકે થયેલ જોગવાઇ ધ્યાને લઇ પ્રાંત કચેરી ખાતે નિયામક, સમાજ સુરક્ષા ખાતાની જુનિયર ક્લાર્ક/ડેટાએન્ટ્રી ઓપરેટરની ૫૬ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા માટે રૂ.૬૦.૦૦ લાખનો ખર્ચ કરવાની નીચેની શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો - વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને અધીન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતીથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં.૯૨

૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨ – સમાજ કલ્યાણ

૨૦૦ – અન્ય કાર્યક્રમ

૦૧- એસ.એસ.ડબલ્યુ. - ૧૧ અંત્યોદય અશક્ત અને નિરાધાર વૃધ્ધ વ્યક્તિઓને રોકડ સહાય

હેડ ચાર્જેબલ -૨૨૩૫ - ૦૨ -૨૦૦ -૦૧

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ